# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

આકારણી શાખા

## સને ૨૦૨૦-૨૧ ના વર્ષની મિલકતવેરાની રકમ એડવાન્સમાં ભરી રિબેટ (વળતર) મેળવો

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિયમિત મિલકતવેરા ભરનાર કરદાતાઓ માટે રહેણાંક મિલકતો અને વાણીજ્ય (રહેણાંક સિવાય)ની મિલકતોના સને ૨૦૨૦-૨૧ના મિલકતવેરા ની રકમ એડવાન્સમાં ભરપાઇ કરે તેને સને ૨૦૨૦-૨૧ના મિલકતવેરા ની રકમમાં રિબેટ (વળતર) નો લાભ નીચે જણાવેલ યોજના મુજબ આપવામાં આવશે.

### યોજના

**કોઇપણ કરદાતા/મિલકત ધારક તેની મિલકતનો સને ૨૦૧૯-૨૦ સુધીનો સંપુર્ણ વેરો ભરપાઇ કરેલ હોય અથવા સને ૨૦૧૯-૨૦ સુધીના વર્ષોની બાકી વેરાની રકમ વ્યાજ-દંડ સહની ભરે અને ૨૦૨૦-૨૧ની સાલના એડવાન્સ મિલકત વેરા ની કૂલ રકમ ભરે તેવા કરદાતાઓને**

**(1) રહેણાંક મિલકતોના સને ૨૦૨૦-૨૧ના વર્ષના ભરવા પાત્ર એડવાન્સ મિલકત વેરાની થતી કૂલ રકમ તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં ભરપાઇ કરે તેને મિલકત વેરા (સામાન્યકર, કંઝરવન્સીટેક્ષ, પાણી કર, ફાયર કર) ની રકમમાં ૧૦% મુજબ વળતર (રિબેટ) આપવામાં આવશે**

**(2) વાણીજ્ય (રહેણાંક સિવાય) ની મિલકતો માટે સને ૨૦૨૦-૨૧ના વર્ષના ભરવા પાત્ર એડવાન્સ મિલકત વેરાની થતી કૂલ રકમ તા.૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં ભરપાઇ કરે તેને મિલકત વેરા (સામાન્યકર, કંઝરવન્સીટેક્ષ, પાણી કર, ફાયર કર) ની રકમમાં ૨૦% મુજબ વળતર (રિબેટ) આપવામાં આવશે**

આ યોજના અંતર્ગત મિલકત વેરાની રકમ તમામ વહીવટી વોર્ડ કચેરીઓ ઉપરાંત વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.vmc.gov.in ઉપર ઓન લાઇન તેમજ કોર્પોરેશનનુ મોડ્યુલ જે બેંકમાં આપવામાં આવેલ તેવી બેંકમાં નાણાંકીય લેવડ દેવડના સમય દરમ્યાન ભરપાઇ કરી રિબેટ (વળતર) નો લાભ મેળવી શકાશે.

આ યોજના નો લાભ મેળવવા સારૂ કરદાતાઓએ સને ૨૦૧૯-૨૦ના વર્ષનું વેરા બીલ સેન્સસ નંબરની ખરાઇ અર્થે સાથે રાખવાનુ રહેશે.

પી.આર.ઓ. નં./૨૩૭ /૨૦૨૦-૨૧.    મ્યુનિસિપલ કમિશનર